कसत्यमेव जयते

કેસ રજૂ તા. :– ૦૨/૦૩/૨૦૨૬
દાખલ કર્યા તા.:– ૦૨/૦૩/૨૦૨૬
હુકમ કર્યા તા.: – ૨૬/૦૫/૨૦૨૬
સમયગાળો :– <u>વર્ષ–માસ–દિવસ</u>
૦૦ – ૦૨ – ૨૪

---

## પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મુ.પેટલાદ

---

**ક્રિ.કે.નં.** ૩૮૪–૨૦૨૬
**આંક :**

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

તહોમતદાર :– મંજુલાબેન વા/ઓફ જયંતિભાઈ શનાભાઈ જાતેતળપદા
ઉ.વ.૪૫
રેહ.પેટલાદ,ગોપાલપુરા,ટેકરા ફળિયુ તા. પેટલાદ, જિ.આણંદ

**ગુનો:– પ્રોહી. એકટની કલમ–૬૫(એફ) મુજબ.**

---

ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી મધુબેન એમ.ભુરીયા
આરોપી પક્ષ તર્ફે વિ.વકીલશ્રી પી.એચ. તળપદા

---

**:: ઠરાવ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે ગુનો દાખલ થયા બાદ ત.ક.અ.શ્રીએ તપાસના અંતે આ કામના આરોપી બહેન તા–૨૯/૧૧/૨૦૨૫ રોજ કલાક ૧૬/૩૦ વાગે મોજે–પેટલાદ, ગોપાલપુરા, ટેકરા ફળીયુ ખાતે વગર પાસ પરમીટે દેશી દારુ એક પ્લાસ્ટીકના ગેલનમા આશરે ૦૪ લીટર કિંમત રૂ.૮૦૦/–નો પોતાના અંગ કબજામાં રાખી જાહેરમાંથી મળી આવી જે ગુના બાબતે તપાસ કરનાર અમલદારે પોતાની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫(એફ) મુજબના ગુના સબબનુ ચાર્જશીટ રજુ કરતા હાલનો ફોજદારી કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ચાર્જશીટના કામે આરોપીને સમન્સ કરતા, આરોપી હાજર થયેલ અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેસ છે. સદર કામે **આંક– ૦૪** થી આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીની **આંક–૦૫** થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી

કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે. જેથી ફરીયાદપક્ષે આરોપી સામે તહોમતનામા મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| | |
|---|---|
| આંક– ૦૭ | પંચ નટુભાઈ પુનમભાઈ તળપદાની જુબાની. |
| આંક– ૦૯ | પંચ રમેશભાઈ નારણભાઈ પટેલ ની જુબાની. |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| | |
|---|---|
| આંક– ૦૮ | પંચનામું. |

(૪) ઉપરોકત પુરાવો રજુ થયા બાદ સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો સી.આર.પી.સીની કલમ–૨૭૩ મુજબ પુરાવો લેવાની અને નોંધવાની જે રીત જણાવવામાં આવેલ છે તે મુજબ ઈન્સાફી કાર્યવાહી આરોપીઓની હાજરીમાં સી.આર.પી.સી.ની કલમ–૨૭૩ અન્વયે ખુલ્લી અદાલતમાં નોંધવામાં આવેલ છે. કેસનું રેકર્ડ જોતાં કલમ–૨૮૦ મુજબ સાક્ષીઓના વર્તન વિશે કોઈ નોંધ કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપર જણાય આવતું નથી.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

**મુદ્દા નં.૧ :–** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આરોપીએ આ કામે ગઈ તા–૨૯/૧૧/૨૦૨૫ રોજ કલાક ૧૬/૩૦ વાગે મોજે–પેટલાદ, ગોપાલપુરા, ટેકરા ફળીયુ ખાતે વગર પાસ પરમીટે દેશી દારુ એક પ્લાસ્ટીકના ગેલનમા આશરે ૦૪ લીટર કિંમત રૂ.૮૦૦/– નો પોતાના અંગ કબજામાં રાખી જાહેરમાંથી મળી આવી ગુન્હો કરેલ હોવાની હકીકતે આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫(એફ)મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૨ :–** શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નકારમાં.

મુદ્દા નં.૨ :- આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

( ૭ ) ઉપરોકત બન્ને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય પુરાવાના બિનજરૂરી પુનરાવર્તન નિવારવા મુદ્દા નંબર-૧ તથા મુદ્દા નંબર-૨ એમ બન્ને મુદ્દાની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવે છે. આરોપીઓ સામે ફોજદારી કેસ છે. પોલીસ ચાર્જશીટ આધારીત કેસ છે. ફોજદારી કેસમાં પુરવાકીય મુલ્યાંકન કરતી વખતે ક્રિમીનલ જયુરીસપ્રુડન્શના સિધ્ધાંતો ધ્યાને લેવાના રહે છે, ક્રિમીનલ જયુરીસપ્રુડન્શના મુળભૂત સિધ્ધાંતો આ તબક્કે ધ્યાને લેવામાં આવે તો... Basically, there are three cardinal principles of criminal jurisprudence.

1. prosecution to prove its case beyond reasonable doubt.
2. the accused must be presumed to be innocent.
3. the onus of the prosecution never shifts.

The criminal jurisprudence has given a wider area to the accused. There is no only moral conviction, Howsoever grave the alleged offence may be, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is “fouler the crime higher the proof”. સદર હું કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપ નિશંકપણે પુરવાર કરવાનો રહે છે જ્યાં સુધી આરોપી સામેનો આક્ષેપ નિશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ વિશેષમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપો ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી નિશંકપણે સાબિત કરવા જોઈએ. ફોજદારી કેસના ઉપરોકત મુળભૂત સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખી આ કેસમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ કરેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાન સમક્ષ રાખતાં નીચેની બાબતે પુરાવાકિય મુલ્યાંકન કરતાં રેકર્ડ ઉપર આવે છે. સદર હું કામે ફરીયાદ પક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા અર્થે તપાસ કરનાર અમલદારને તપાસવામાં આવેલ નથી પરંતુ પંચોને તપાસવામાં આવેલ છે

( ૭.૧ ) સદર હું કામે ફરીયાદ પક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા અર્થે પંચો તથા તપાસ કરનાર અમલદાર છે જેમાં પંચોને તપાસવામાં આવેલ છે સદર હું કામે ફરીયાદપક્ષનો કેસ મુખ્યત્વે રિકવરી પંચના પંચનામા પર આધારિત છે તે સંદર્ભે ભર્યા ફરીયાદપક્ષ તરફે રજૂ પુરાવાઓ લક્ષમાં લઈ મૂલ્યાંકન કરીએ તો ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા આરોપી વિરૂદ્ધ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ-૬૫(એફ) મુજબનો ગુનો પુરવાર કરવા **આંક-૦૭** થી પંચ સાહેદ નટુ પુનમ

વ્યાસનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેમણે મુખ્યત્વે એવુ જણાવેલ છે કે, "હું ધો–૧૨ પાસ છુ. તા.૨૭/૧૦/૨૦૨૫ નાં રોજ હું મારા કામ અર્થે પેટલાદ ટાઉન પો.સ્ટેશન ગયેલો ત્યારે પેટલાદ ટાઉન પો.સ્ટેશનના અમલદારે એક તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી. મને પંચનામાંની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ–૧ તરીકે મારી સહી છે." તે સિવાય તેઓએ કોઈ મહત્વની કહી શકાય તેવી હકીકત પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી. સદર સાહેદ નિવેદનની હકીકતને સમર્થેન આપતા ન હોય સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવે છે આમ છતા ફરીયાદપક્ષેને કોઈ સમર્થનકારક જુબાની સદર પંચ સાહેદે આપેલ નથી.

(૭.૨) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **આંક–૯** થી પંચ સાહેદ રમેશ નારણ પટેલનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં તેમણે મુખ્યત્વે એવુ જણાવેલ છે કે, "હું ધો–૧૨ પાસ છુ. તા.૨૭/૧૦/૨૦૨૫ નાં રોજ હું મારા કામ અર્થે પેટલાદ ટાઉન પો.સ્ટેશન ગયેલો ત્યારે પેટલાદ ટાઉન પો.સ્ટેશનના અમલદારે એક તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી. મને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ–૧ તરીકે મારી સહી છે." તે સિવાય તેઓએ કોઈ મહત્વની કહી શકાય તેવી હકીકત પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી. સદર સાહેદ નિવેદનની હકીકતને સમર્થન આપતા ન હોય સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવે છે આમ છતા ફરીયાદપક્ષેને સમર્થનકારક કોઈ જુબાની સદર પંચ સાહેદે આપેલ નથી. આ કામમાં **આંક–૦૮** પંચનામુ રજુ કરવામાં આવેલ છે. આ કામમાં પંચનામાના બંને પંચોએ ફરીયાદપક્ષના કોઈ સમર્થનકારક જુબાની આપેલી નથી આથી **આંક–૦૮** થી રજુ કરવામાં આવેલુ પંચનામુ પુરવાર થતુ નથી.

આ કામે ફરીયાદપક્ષ તરફે મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ પુરાવામાં રજુ થયેલ છે અને તેના પંચસાહેદને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા તેઓએ પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓની જુબાનીથી ફરીયાદપક્ષ તરફે રજુ મુદ્દામાલ રીકવરી પંચનામુ પુરવાર થતુ નથી. ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા, આ કામે ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ તે ફરી ગયેલા જાહેર કરેલ છે. આ કામમાં **આંક–....** થી ફરીયાદ રજુ કરવામાં આવેલ છે ફરીયાદ કોઈ જાતે સ્વયં મુળભૂત પુરાવો નથી પરંતુ તે ગૌણ પુરાવો છે. આ કામમાં ફરીયાદી જ જયારે ફરીયાદને સમર્થનકારક જુબાની આપતા ન હોય ત્યારે એક માત્ર ફરીયાદને આંક આપવાથી પુરાવામાં પુરવાર થયેલું માની શકાય નહી. આ કામમાં ફરિયાદપક્ષ દ્વારા **આંક– ૦૮** થી બનાવવાળી જગ્યાનું પંચનામુ રજુ કરેલ છે આ દસ્તાવેજો જો ધ્યાને લેવામાં આવે તો તે કોઈ મૂળભુત પુરાવો નથી. એક માત્ર આ દસ્તાવેજો રજુ કરેલ હોવાથી આરોપીઓને આ ગુન્હા સાથે સાંકળી શકાય નહી.

(૮) ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ સિવાય અન્ય જે સાહેદ તપાસવામાં આવેલ છે તે સાહેદ પોલીસ કર્મચારી છે. તેઓએ પંચોની હાજરીમાં રેડ કરી પ્રોહી મુદ્દામાલ કબજે કરેલાની હકીકત જણાવેલ છે, પણ આ કામે પંચનામાનાં જે સ્વતંત્ર પંચ સાહેદને તપાસવામાં આવેલા છે તેઓએ પંચનામાની હકીકતને કે બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. પંચસાહેદની જુબાનીથી પંચનામાની કાર્યવાહી તથા ઝડતી અને જપ્તીની કાર્યવાહી પુરવાર થતી નથી. ચાર્જશીટ તથા રેકર્ડ પરના પુરાવા મુજબ બનાવવાળુ સ્થળ ધ્યાને લેવામાં આવે તો તે સ્થળે સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હતા તેમ છતાં ત.ક.અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો તપાસના કામે મેળવવા પ્રયત્ન કરેલ નથી. હાથ ઉપરના કેસમાં પંચસાહેદે રેડની કાર્યવાહી અને મુદ્દામાલ કબજે કર્યાની હકીકતને સમર્થન કરેલ નથી અને સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અમલદારે સ્વતંત્ર સાહેદોનો પુરાવો મેળવવા પ્રયત્ન કરેલ નથી ત્યારે આ સંજોગોમાં માત્ર રજુ પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીને ગુનાની હકીકત સાથે સાંકળી શકાય નહી.

(૯) નામદાર ગુજરાત **હાઈકોર્ટે** **સ્ટેટ ઓફ ગુજરાત વિ સુરેશભાઈ એસ પટેલ જીએચજે ૨૦૧૧ ભાગ ૨૬ પાનાં નં ૧**નો **ચુકાદામાં હેલ્ડે કરેલો રેશિયો** ધ્યાને લેતા, નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન-જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરવાર થઈ શકે નહી તેવુ ઠરાવેલ છે અને નામદાર હાઈકોર્ટે આરોપીને નીર્દોષ ઠરાવીને છોડી મુકતા ચુકાદાને યથાર્થ ઠરાવેલ છે. હાથ પરના કેસમાં પણ પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી. ફરીયાદ પક્ષ કથીત પ્રોહી મુદ્દામાલ આરોપીનાં સભાનપણાનાં કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે કે કેમ, તે હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનુ જણાય છે જેથી તેનો લાભ આરોપીને આપવા પાત્ર થાય છે.

(૧૦) સાહેદોને તપાસવા બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં: ૮૫** પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ દીલ્હી એડમીનીસ્ટ્રેશન**ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે.... "When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of

formally completing procedure to pronounce conclusion on a future date.*"* હાલનાં કેસમાં મુખ્ય મહત્વનાં પંચસાહેદે ફરીયાદપક્ષનાં કેસને સપોર્ટ કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી પણ ક્રિમીનલ જ્યુરીશ્પૃડંશ મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

(૧૧) ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ રેકર્ડ ઉપર સ્પષ્ટપણે જણાઈ આવે છે આથી, આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચ્ચિત જણાતું હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપી મંજુલાબેન વા/ઓફ જયંતિભાઈ શનાભાઈ જાતેતળપદા ઉં.વ.૪૫ રેહ.પેટલાદ,ગોપાલપુરા,ટેકરા ફળિયુ તા. પેટલાદ, જિ.આણંદ ને ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ-૬૫(એફ) મુજબનાં ગુનામાંથી ક્રિ.પ્રો.કો.ક. ૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર. કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી તરફે અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) અન્વયે આ હુકમથી ૬(છ) માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૬/૦૫/૨૦૨૬
સ્થળ : પેટલાદ

(ડી.બી. ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ

સ્ટેનો- ડી.જે. સોલંકી